# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-08-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સમયમાં ગુજરાતમાં દુકાળ ભૂતકાળ બન્યો. આજે અમરેલી જિલ્લાના દુધાળા ખાતે નવનિર્મિત 'ગુજરાત ગૌરવ સરોવર'નું લોકાર્પણ કરતાં તેમને કહ્યું, સૌની યોજનાથી સૌરાષ્ટ્ર અને સુજલામ સુફલામ યોજનાથી ઉત્તર ગુજરાતમાં નર્મદાના નીર પહોંચાડવામાં આવ્યા.

(BYTE : AMIT SHAH, AMRELI – UNION MINISTER)

કાર્યક્રમ દરમિયાન તેમણે જણાવ્યું પદ્મ પુરસ્કાર પરિવાર કે સગા વ્હાલા માટે નથી. તેમણે ઉમેર્યું પ્રશંસાની ઈચ્છા રાખ્યા વિના સમગ્ર જીવન ગરીબોની સેવામાં વિતાવે પદ્મ પુરસ્કાર તેના માટે છે.

રાજ્યના પ્રવાસે આવેલા શ્રી શાહ બપોર બાદ ગુજરાત વિદ્યાપીઠના 72મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ અમદાવાદના થલતેજમાં ટ્રોઇકા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા આયોજિત ફાર્મા ઈનોવા પુરસ્કાર સમારોહ 2026માં હાજરી આપશે, ત્યારબાદ ઘાટલોડિયા મતવિસ્તારના બોપલ ખાતે રહેવાસીઓ સાથે વાતચીત કરવા માટે 'લોક દરબાર'નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# GNR KHELO INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ખેલો ઇન્ડિયા સંવાદમાં દેશના યુવા ખેલાડીઓને સંબોધ્યા. ત્યારે IIT ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકાર સમગ્ર દેશમાં રમતગમતના માળખાગત વિકાસ માટે કામ કરી રહી છે.

(BYTE : MANSUKH MANDAVIYA, UNION MINISTER)

# RAKSHABANDHAN

ગાંધીનગરના લોકભાવન હોલમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઇ. જેમાં મંત્રી રિવાબા જાડેજા,  ધારાસભ્ય રીટાબેન પટેલ, ધારાસભ્ય નિમિષાબેન સુથાર, પાયલ કુકરાણી  સહિતની રાજ્યમાંથી આવેલ બહેનોએ શ્રી પટેલને રાખડી બાંધી દીર્ઘાયુના આશીર્વાદ આપ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને  ભાજપ પ્રદેશ પ્રમુખ અર્જુબેન વેકરિયાએ રાખડી બાંધી હતી.

# CM SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો ઓગસ્ટ મહિનાનો રાજ્ય સ્વાગત આજે યોજાશે. સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

# CM RETURN

અમેરિકા અને કેનેડાનો સફળ પ્રવાસ પૂર્ણ કરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત પરત ફર્યા છે. અમદાવાદ હવાઈમથક પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમનું સ્વાગત કર્યું. પોતાના પ્રવાસની ફળશ્રુતિની માહિતી આપતા શ્રી પટેલે જણાવ્યું કે ગુજરાતમાં વધુમાં વધુ વૈશ્વિક મૂડીરોકાણ આવે એવો અમારો પ્રયત્ન રહ્યો છે. ભારતમાં આવનાર રોકાણ ગુજરાતમાં આવે એના માટેનો અમારો આ પ્રયાસ હતો.

(BYTE : BHUPENDRA PATEL,CM)

# HELPLINE NEPAL

નેપાળ-ચીન સરહદ નજીક આવેલા પૂરમાં ફસાયેલા ગુજરાતીઓ માટે વિવિધ જિલ્લામાં હેલ્પ લાઇન નંબર જાહેર કરાયા છે. જે અંતર્ગત રાજ્યસભાના સાંસદ મયંક નાયકનાં સેવાલય દ્વારા હેલ્પ લાઇન નંબર 98246 33244 અથવા 94293 76333 જાહેર કરાયા છે.

નેપાળમાં પ્રવાસે ગયેલા અથવા રોકાયેલા ભાવનગર જિલ્લાના કોઈ નાગરિક અસરગ્રસ્ત કે ફસાયા હોય તો ભાવનગર જિલ્લા કંટ્રોલરૂમ (૦૨૭૮) ૨૫ ૨૧ ૫૫૪/૫૫ અથવા હેલ્પલાઇન 1077 પર સંપર્ક કરવા જણાવાયું છે.

તેવી જ રીતે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 02674 252300 અને 02674 252301 નંબર પર નેપાળમાં ફસાયેલા પરિવારજન માટે સંપર્ક કરવા જણાવાયું છે.